વાલીઘોડા/અશ્વ સંવર્ધન સેવાઓ વિનામૂલ્યે કરવા બાબત.

I T
કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક.
19 NOV 2018
659715

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦/૨૦૧૮/૬૬૨/પી.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૧૧/૨૦૧૮

વંચાણે લીધા:

(૧)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક:વીએચડી-૨૧૯૧-૧૩૨૧-૫.૧, તા.૦૪/૦૬/૨૦૦૪

(૨)પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ધવશ/૪૪/૧૮,તા.૨૭/૦૪/૨૦૧૮

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક-(૧)ના આ વિભાગના ઠરાવથી પશુપાલન ખાતા હસ્તકના પશુદવાખાનાઓ ખાતેના વાલીઘોડા સેવા કેન્દ્રો મારફતે આપવામાં આવતી વાલીઘોડાની સેવાઓ માટે પ્રતિ વાલીઘોડા સેવા દીઠ રૂ.૪૦૦/-(અંકે રૂપિયા ચારસો પુરા) ફી લેવાનું નિશ્ચિત કરવામાં આવેલ હતું. . ભારતની કુલ ૬(છ) અશ્વ ઓલાદ પૈકી ખૂબ જ મહત્વ ધરાવતી ગુજરાતની કાઠીયાવાડી અને મારવાડી એમ કુલ ૨(બે) અશ્વોની ઓલાદ પોતાની આગવી ઓળખ ધરાવે છે. અશ્વો પોલીસ ખાતામાં,બી.એસ.એફ માં, શુભ પ્રસંગોએ, પ્રદર્શનોમાં, ખેડૂતો દ્વારા પોતાના ખેતરની સીમા રક્ષા વગેરે માટે કામગીરી કરે છે. જેના કારણે જાતવાન અશ્વોની કિંમત પણ અન્ય પશુઓ કરતાં વધુ હોય છે. હાલના યાંત્રિક યુગના કારણે અશ્વોની જરૂરીયાત ઓછી થતાં અશ્વોની સંખ્યા ખૂબ ઘટી ગયેલ છે. હાલમાં ગુજરાતમાં ૧૯(ઓગણીસ)મી પશુધન વસ્તી ગણતરી પ્રમાણે અશ્વોની કુલ સંખ્યા ૧૮૨૬૪ છે. ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૮ થી કાઠીયાવાડી અને મારવાડી અશ્વોને લુપ્ત થતી ઓલાદ (થ્રેટન્ડ બ્રીડ) માં સમાવેશ કરેલ છે તથા અશ્વોની સંખ્યામાં વધારો થાય તે માટે પ્રોત્સાહન આપેલ છે. જો વાલીઘોડા સેવા કેન્દ્રોની ફી નાબૂદ કરવામાં આવે તો અશ્વપાલકો વધુ પ્રમાણમાં વાલીઘોડા સેવાનો લાભ લઇ શકે છે જેના થકી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા આનુવંશિક ગુણો ધરાવતી અશ્વોની સંતતિનો વધારો થતાં અશ્વોની સંખ્યા વધશે. જે બાબત ધ્યાને લઇને વંચાણે લીધા ક્રમાંક-(૨) ના પત્રથી પશુપાલન નિયામકશ્રીએ વાલીઘોડા સેવાઓ વિનામૂલ્યે કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ હતી. જેની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

પુખ્ત વિચારણાને અંતે પશુપાલન ખાતા હસ્તકના વાલીઘોડા સેવાકેન્દ્રો ખાતે વાલીઘોડા સેવાઓ માટે લેવામાં આવતી ફી રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પુરા) નાબૂદ કરવાનું તથા આ સેવાઓ વિનામૂલ્યે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૧૧/૨૦૧૮ ની નોંધ થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

ડી.જે.બારોટ

(ડી.જે.બારોટ)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- તમામ વાલીઘોડા સેવા કેન્દ્રો(પશુપાલન નિયામકશ્રીની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)
- શાખા સિલેક્ટ ફાઇલ